# શહેરીજનો ઠંડીમાં ઠુંઠવાયા

## લઘુત્તમ તાપમાન ૯.૮ ડિગ્રી સેલ્સિયસ જેટલું નીચું નોંધાયું : ઠંડીની સામાન્ય જનજીવન પર ઘેરી અસર



ગાંધીનગર, તા.૨૪

દિવસે દિવસે ઠંડી વધી રહી છે. ડિસેમ્બરના અંતિમ સપ્તાહમાં ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. લઘુત્તમ તાપમાન ૯.૮ ડિ.સે. નોંધાતા શહેરીજનોએ આકરી ઠંડી અનુભવી હતી.

સમગ્ર ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. ઘણા સ્થળોએ લઘુત્તમ તાપમાન એક આંકડામાં નોંધાઈ રહ્યું છે. ખાસ કરીને કચ્છના નલીયા, ઉત્તર ગુજરાતના ડિસા અને ગાંધીનગરમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન નીચુ જઈ રહ્યું છે. ગાંધીનગરમાં છેલ્લા ઘણા દિવસોથી મહત્તમ તાપમાન જે ૩૨-૩૩ ડિ.સે. નોંધાયું હતું. જે હવે ઘટીને ૩૦ ડિગ્રીની આસપાસ પહોંચ્યુ છે. દિવસ દરમિયાન ફુંકાતા ઠંડા પવનોના કારણે દિવસે પણ સારી એવી ઠંડી લાગે છે. આખો દિવસ ગરમ વસ્ત્રો પહેરી રાખવાની ફરજ પડે છે. સાંજ ઢળતા જ ઠંડીનો ચમકારો વધુ તીવ્ર બન છે અને ઠંડા પવનના સુસવાટાના કારણે વસાહતીઓને ઘરના બારીબારણા બંધ રાખવાની ફરજ પડે છે. વસાહતીઓ ઠંડીથી બચવા ઘરમાં જ પુરાઈ જાય છે. ખુલ્લા વિસ્તારમાં ઝૂંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવીઓ તાપણું કરી ઠંડીને દૂર રાખવાનો પ્રયાસ કરે છે. ઉત્તર ભારતમાં હિમવર્ષાનું જોર વધતાં ઠંડી વધી છે. વધતી ઠંડીથી વસાહતીઓની અવરજવર સાવ ઓછી થઈ ગઈ છે. માર્ગો અને બજારો સાંજે આઠ વાગે જ સૂના થઈ જાય છે. ઠંડીની સીધી અસર જનજીવન પર જોવા મળી રહી છે.




## ચુંટણીમાં દારૂ ન પીરસવા ક્ષત્રિય ઠાકોર સેનાની ચિમકી

રાજયમાં મંગળવારના રોજ યોજાનાર ગ્રામ પંચાયતની ચુંટણીમાં ઉમેદવારો દ્વારા મતદારોને આકર્ષવા અવનવા પ્રલોભનો આપવાના પ્રયાસો થઈ રહ્યા છે. જેમાં રાત્રીએ નાસ્તા પાણી સાથે દારૂનું પણ આયોજન કરવામાં ઉમેદવારો પાછી પાની કરતા નથી ત્યારે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાએ ગામના ઉમેદવાર સરપંચ તથા ઉમેદવાર સભ્યોને એક બેનર દ્વારા ખુલ્લી ચિમકી આપી છે કે ચુંટણી નજીક છે ત્યારે મતદારોના મત અંકે કરવા દારૂ જેવા નશીલા પદાર્થનું વેચાણ કરવામાં ન આવે અને દારૂ પીરસાતો કે અપાતો ક્ષત્રિય ઠાકોર સેનાના ધ્યાને આવશે તો તેવા ઉમેદવારને ચુંટણી પંચ સમક્ષ ખુલ્લા પાડવામાં આવશે અને ઉમેદવારી રદ કરવા સુધીના પગલાં લેવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવાયું છે. ક્ષત્રિય ઠાકોર સેનાના આ ઉમદા પગલાને મતદારોએ આવકાર્યો છે અને તેનું પાલન થાય તેવું પણ ઈચ્છી રહ્યા છે. પ્રલોભનો વગરની ફકત ગામના વિકાસ અને ગામના હિતાર્થે જ ઉમેદવાર પોતાના કામોથી જ ચુંટાય તે આવકાર્ય બન્યું છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ગુરૂજી... આ લોકો કાળુ નાણું રાખવા નથી દેતા... દારૂ પીવા નથી દેવાના... હવે કદાચ ગર્લફ્રેન્ડ પણ વધુ નહી રાખવા દે... તો હવે મને સન્યાસ આપી જ દો....

## એસઓજીની ટીમે ચોરીના બાઈક સાથે એકને પકડયો

ગાંધીનગર એસઓજી પી.આઈ. જે.ડી. પુરોહીત તથા તેમની ટીમે પેટ્રોલીંગ દરમિયાન એક બાઈક ચાલક શંકાસ્પદ જણાતા તેને રોકીને તપાસ શરુ કરી હતી. હીરો હોન્ડા પેશન બાઈક નં. જીજે ૦૧ સી.ઈ. ૨૭૦૦ લઈને ફરતા કલોલના વર્ધમાનનગર વિસ્તારના શખ્સ વિરલ વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને પકડી તેના બાઈકના એન્જીન અને ચેસીસ નંબરની ખાત્રી કરી હતી. તપાસ કરતા આ બાઈક નંબર ખોટો હોવાનું ધ્યાને આવ્યું હતું. તપાસ દરમિયાન ધ્યાને આવ્યું કે આ બાઈક કડી વિસ્તારમાંથી વર્ષ ૨૦૧૦માં ચોરી થયેલું હોવાનું ખુલ્યુ હતું.

# ઊર્જાનો બેફામ વપરાશ ઘટાડવા બાળકોની ઊર્જા સંરક્ષણ રેલી

ગાંધીનગર, તા.૨૪

વર્તમાન સમય અનેક વૈશ્વિક સમસ્યાઓથી ઘેરાયેલો છે જેમાં ગ્લોબલ વોર્મિંગ અને કલાયમેન્ટ ચેન્જ જેવી પર્યાવરણીય સમસ્યા મુખ્ય છે. આ સમસ્યાઓ માટે માનવી દ્વારા ઊર્જાનો બેફામ વપરાશ પણ જવાબદાર છે. નાગરિકો સત્વરે ઊર્જાના સંયમિત વપરાશ પ્રત્યે જાગૃત થાય તે અંગે તા. ૧૪મી ડિસેમ્બરને ઊર્જા સંરક્ષણ દિન તરીકે ઉજવવામાં આવે છે. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી જેડાના સંયુકત ઉપક્રમે આજે સે-૨૩ની આર.જી. પટેલ કન્યા વિદ્યાલય ખાતે ઊર્જા સંરક્ષણ જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીને ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલ તથા જેડાના નિયામક જી.ટી. અખાણીએ લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું.



આ પ્રસંગે આર.જી. કન્યા વિદ્યાલયના આચાર્યા સુધાબેન પટેલ, સુપરવાઈઝર ગિતેષભાઈ પટેલ, નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં જેડાના નિયામક જી.ટી. અખાણીએ વિદ્યાર્થીઓને બાલ ઊર્જા સંરક્ષક દળનું મહત્વ સમજાવી નાની નાની બાબતો દ્વારા કેવી રીતે ઊર્જા બચાવી શકાય તે માટે સમજુતી આપી હતી. મેયર પ્રવિણભાઈ પટેલે બાળકોને ઉર્જા પ્રત્યે સંવેદનશીલ બનવા તથા ઊર્જા સંરક્ષણ થકી દેશના વિકાસમાં યોગદાન આપવા પ્રેરિત કર્યા હતા. ડૉ. અનિલભાઈ પટેલે વિદ્યાર્થીને પરંપરાગત તથા બીન પરંપરાગત ઊર્જા સ્ત્રોતો અંગે માહિતી આપી હતી. આ રેલીમાં શહેરી તથા ગ્રામ્ય વિસ્તારની ૬૫ પ્રાથમિક શાળાના ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ તથા ૧૦૦થી વધુ શિક્ષકો જોડાયા હતા. આ રેલી સે-૨૩માં આર.જી. કન્યા વિદ્યાલયથી પ્રારંભ થી ઘ-૫, ઘ-૪ થઈ ટાઉનહોલ પહોંચી હતી. સમગ્ર રેલીમાં વિદ્યાર્થીઓએ કેપ, પ્લેકાર્ડ, બેનર, ફલેગ વગેરે દ્વારા નાગરિકોમાં ઉર્જાના વપરાશ પ્રત્યે જાગૃતિ લાવવા પ્રયાસ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા નિસર્ગ સાયન્સ સેન્ટરના કો. ઓર્ડિનેટર્સ હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ, વિવેક મકવાણા તથા જીતેન્દ્ર ઠાકોરે ભારે જહેમત ઉઠાવી હતી.

## જિલ્લામાં ૧૭૫ સંવેદનશીલ અને ૧૩૦ અતિસંવેદનશીલ મતદાન મથકો...!

ગાંધીનગર, તા.૨૪

ગ્રામ પંચાયતની ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છિનીય બનાવ બને નહીં તે હેતુસર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં ૧૭૫ સંવેદનશીલ અને ૧૩૦ અતિ સંવેદનશીલ મતદાન મથકો પોલીસે અલગ તારવ્યા છે. જે વિસ્તારોમાં વિશેષ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવશે અને સતત વીડિયોગ્રાફી પણ કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાની ૧૭૫ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી થશે. ૧૯ ગ્રામ પંચાયતો સમરસ થઈ છે. ૨૭મી ડિસેમ્બરે યોજાનાર ચૂંટણીને પગલે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે પોલીસ દ્વારા દરેક મતદાન મથકોનો સર્વે કરી સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મથકો અગલ તારવ્યા છે. જયા પોલીસ વિશેષ ધ્યાન આપશે. સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો પર પોલીસ રાઉન્ડ ધ કલોક તૈનાત રહેશે. તે ઉપરાંત પોલીસ દ્વારા વીડિયોગ્રાફી કરાવવામાં આવશે. મતદાનના દિવસે જિલ્લામાં કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. એક એસ.પી., ત્રણ ડીવાયએસપી, ૧૯ પીઆઈ, ૩૦ પીએસઆઈ, ૬૮૨ પોલીસ, ૬૭૦ હોમગાર્ડ અને બે કંપની એસઆરપીને બંદોબસ્તમાં તૈનાત કરવામાં આવશે. તે ઉપરાંત એલસીબી અને એસઓજી કિવક રિસ્પોન્સ માટે સ્ટન્ડ ટુ રખાશે. કેટલાક મતદાન મથકો બહાર સીસીટીવી કેમેરા પણ લગાવવામાં આવ્યા.

